અપીલ અરજી નં.૩૫૭ તા.૧૬–૧–૧૦

અરજદારઃ  શ્રી મોહમદ આરીફ ગુલામ રસુલ શેખ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહમદ આરીફ ગુલામ રસુલ શેખની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી ભાગાતળાવ સીંધીવાડ કારવાવાડમાં આવેલ કચરાપેટી પાસે મહાનગરપાલિકાની જગ્યાએ ગેરકાયદે મકાન બાંધવામાં આવ્યા છે જેને દુર કરવા મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૧–૧૦ ની અપીલ અરજી  નં.૩૫૭/૨૦૦૯–૧૦

શ્રી મોહમદ આરીફ ગુલામ રસુલ શેખની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી ભાગાતળાવ સીંધીવાડ કારવાવાડમાં આવેલ કચરાપેટી પાસે મહાનગરપાલિકાની જગ્યાએ ગેરકાયદે મકાન બાંધવામાં આવ્યા છે જેને દુર કરવા મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી  નારાજ થઈ એપેલેટ ઓફિસરને  તા.૧૬–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ  અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ  આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની   સ્પષ્ટતાસહ  પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૧  તા.૨૮–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,    (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેની કચેરીને કોઈ માહિતી પુરી પાડેલ નથી.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી ભાગાતળાવ સીંધીવાડ કારવાવાડમાં આવેલ કચરાપેટી પાસે મહાનગરપાલિકાની જગ્યાએ ગેરકાયદે મકાન બાંધવામાં આવ્યા છે જેને દુર કરવા  મુદ્દા નં.૧ સદર જગ્યા મહાનગરપાલિકાની માલીકીની જગ્યા પર ગે.કા.બાંધકામ છે તેને દુર કેમ કરવામાં આવતું નથી.  મુદ્દા નં.૨  સદર જગ્યા કિંમતી હોઈ તેના ઉપર ગે.કા. બાંધકામ થયું તો મહાનગરપાલિકાના અધિકારીઓનું ધ્યાન પર કેમ નથી આવ્યું? મુદ્દા નં.૩ સદર જગ્યા માલીક પાસેથી સંપાદન કરી લોકોને દબાણ કરવા માટે સંપાદન કરી છે. મુદ્દા નં.૪ સદર જગ્યા કયા હેતુ માટે સંપાદન કરી હતી. મુદ્દા નં. ૫  હાલમાં કયા હેતુમાં વપરાય છે.  મુદ્દા નં.૬ સદર જગ્યા પરનું દબાણ ખસેડી કમ્પાઉન્ડ કેટલા સમયમાં થશે ?  જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પુરી પડાયેલ હોવાનું જણાયેલ  નથી. અરજદારે અપીલ અરજીમાં નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને  લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો  નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી  જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોય કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પુરી પાડવા    શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી   સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ :     –૨ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧)  શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન) ....જાણ  તથા અમલ માટે.
(૨)  શ્રી મોહમદ આરીફ ગુલામ રસુલ શેખ